**આજનો સુવિચાર**

જે મહાન હેતુ માટે મૃત્યુ પામે છે, તેમની કયારેય પણ હાર થતી નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૭૨ જૂનાગઢ તા. ૩૦-૧૦-૨૦૨૧ શનિવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


# પોપ ફ્રાન્સિસ - વડાપ્રધાન મોદી વચ્ચે મુલાકાત યોજાઈ



વેટીકન સીટી તા. ૩૦ જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેવા ઈટાલીના પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઈટલીની રાજધાની રોમમા વેટીકન સીટી ખાતે પોપ ફ્રાન્સિસ સાથે મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત ૩૦ મિનિટ સુધી ચાલી હતી. ઈટાલીમાં વડાપ્રધાનના કાર્યક્રમોની માહિતી આપતાં વિદેશસચિવ હર્ષ વર્ધન શ્રુંગલાએ જણાવ્યુ હતું કે વડાપ્રધાન મોદીની પોપ ફ્રાન્સિસ સાથે વ્યક્તિગત મુલાકાત બાદ પ્રતિનિધિમંડળ કક્ષાએ વાતચીત થશે. શ્રુંગલાએ વધુમાં જણાવ્યું હતું કે વેટિકને આ વાતચીત માટે કોઈ એજન્ડા તૈયાર કર્યો નથી. એવી પરંપરા છે કે જ્યારે પોપ ફ્રાન્સિસ સાથેચર્ચા થાય છે ત્યારે કોઈ એજન્ડા નથી હોતો અને અમે તેનું સન્માન કરીએ છીએ. મને ખાતરી છે કે આ સમય દરમ્યાન અમે વૈશ્વિક પરિદ્રશ્ય ઉપર સામાન્ય રીતે અને અમારા માટે મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ ઉપર ચર્ચામાં સામેલ થઈશું.

જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ઈટલી પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરાયું હતું. દરમ્યાન વડાપ્રધાન મોદીએ ઈટલીના પ્રધાનમંત્રી મારિયો દ્રાઘી સાથે મુલાકાત કરી હતી. આ પહેલાં પ્રધાનમંત્રી દ્રાઘીએ રોમના પલ્લાઝઝો ચિગીમાં મોદીનું નેતૃત્વ કર્યુ હતું. પીએમ મોદીને ગાર્ડ ઓફ ઓનર આપ્યું છે. બંને નેતાઓએ બેઠકદરમ્યાનદ્વિપક્ષીય અને પરસ્પર હિતોના મુદ્દા ઉપર ચર્ચા કરી હતી.

જી-૨૦ શિખર સંમેલનમાં પીએમ મોદી કોરોના વાયરસ મહામારીથી પ્રભાવિત વૈશ્વિક અર્થવ્યવસ્થા અને સ્વાસ્થ્ય ક્ષેત્રને પાટા ઉપર લાવવા માટે ચર્ચા કરશે. રોમ પહોચતાં પ્રધાનમંત્રીનું ઈટલી સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને ઈટલીમાં ભારતના રાજદૂત દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઝડપની મજા, મોતની સજા

# ભારતમાં ગત વર્ષે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં વધુ સ્પીડનાં કારણે ૭૫,૩૩૩ લોકોએ જીવ ગુમાવ્યા

નવી દિલ્હી,તા. ૩૦ ભારતમાંતેજસ્પીડના કારણે ગત વર્ષ રોડ અકસ્માતમાં ૭૫,૩૩૩ લોકોના મોત થયા હતા. જયારે ૨ લાખ ૯ હજાર ૭૩૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અધિકૃત આંકડા અનુસાર ૩,૫૪,૭૯૬માંથી ૨, ૧૫, ૧૫૯ માર્ગ દુર્ઘટના વાહનોની ઓવર સ્પીડ હોવાના કારણે થઈ છે. જે રોડ અકસ્માત ૬૦ ટકા છે. એનસીઆરબીના વાર્ષિક રિપોર્ટ મુજબ ૨૦૧૯ની અપેક્ષા ૨૦૨૦માં માર્ગ અકસ્માતમાં મૃતકોની સંખ્યા ૦.૫૨ ઘટીને ૦.૪૫ (પ્રતિહજારવાહન) થઈ ગઈ છે. ત્યારે માર્ગ અકસ્માતમાં ઘટાડો આવ્યો છે. ૨૦૧૯માં ૪૬૭૧૭૧ રોડ અકસ્માત થયા હતા. જયારે ૨૦૨૦માં આ ઘટીને ૩૬૮૮૨૮ થઈ ગઈ. ૨૦૨૦માં માર્ગ અકસ્માતોમાં ૧૪૬૩૫૪ લોકોના મોત થયા હતા અને ૩૩૬૨૪૮ લોકો ઘાયલ થયા હતા.

# ખનીજતેલ સસ્તુ કરવા ભારત, અમેરીકા, જાપાનનું ઓપેક ઉપર દબાણ

## ખનીજ તેલનો ભાવ ૮૦ ડોલરથી વધીને ૧૨૦ ડોલર થઈ જવાની પુતિને આગાહી કરી

નવી દિલ્હી તા.૩૦ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રુડતેલના ભાવ ૧૦૦ ડોલર ભણી આગળ ધપવા સાથે ભારત, બ્રિટન સહિતના રાષ્ટ્રો માટે પડકારરૂપ બન્યા છે ત્યારે ઓપેક રાષ્ટ્રોને ઉત્પાદન વધારીને ભાવ ઘટાડવા માટે ભારત, અમેરિકા, જાપાન જેવા દેશોએ પ્રચંડ દબાણ શરુ કરી દીધુ છે.

કોરોના કાળમાંથી રાહત મળ્યા બાદ ક્રુડતેલનો ભાવ પ્રથમ ૫૦ ડોલર બાદમાં ૭૫ ડોલર અને હવે ૮૫ ડોલરને વટાવી ગયો છે. ઓપેક રાષ્ટ્રોની સિન્ડીકેટમાં સામેલ રશિયાના પ્રમુખ પુટીને હવે આ ભાવ ૧૨૦ ડોલરને આંબવાની આગાહી કરી છે. આ ઘટનાથી વિશ્વસ્તરે મોંઘવારી ફુંફાડા મારશે અને વ્યાજદર વધારવાની નોબત આવવાની આશંકાથી ભારત, જાપાન, અમેરિકા સહિતના દેશોએ ઓપેક ઉપર પ્રચંડ રાજકીય દબાણ શરૂ કરી દીધુ છે. પડદા પાછળની વાટાઘાટોમાં ઉત્પાદન વધારીને ભાવો નીચા લાવવા દબાણ કરવામાં આવી રહ્યું છે.

ક્રુડ ઉત્પાદક રાષ્ટ્રોની કાર્ટેલ ઓપેકની તા.૪ નવેમ્બરે બેઠક યોજાવાની છે. પ્રવર્તમાન નીતિ પ્રમાણે દર મહીને ૪ લાખ બેરલનું ઉત્પાદન વધારવાનું નકકી થયું છે તેની સમીક્ષા કરવામાં આવશે.

પાંચ રાજયોની ચૂંટણી પહેલા કેન્દ્ર સરકાર વધુ એક ભેટ આપશે

# ઓબીસી ક્રિમિલેયરની આવક મર્યાદા રૂા. ૧૦ લાખ કરવા વિચારણા

નવી દિલ્હી તા. ૩૦ : મેડીકલ એડમીશન માટેની ઓલ ઈન્ડિયા ક્વોટાની સીટોમાં ઓબીસી (અન્ય પછાતવર્ગ)ને અનામતઆપ્યા પછી કેન્દ્ર સરકાર ઓબીસી વર્ગનેવધુ એક ભેટ આપી શકે છે. ઓબીસી ક્રીમીલેયરની આવક મર્યાદાને વધારવામાં આવી શકે છે. અત્યારે જે પ્રસ્તાવ છે તેમાં તેને ૮ લાખથી વધારીને ૧૦ લાખ કરવાની ભલામણ કરાઈ છે. જો કે રાષ્ટ્રીય પછાત વર્ગ પંચ આ મર્યાદાને ૧૨ લાખથી વધારે કરવાનું સૂચન આપી ચુક્યું છે. પંચનું કહેવું છે કે તેનાથી ઓબીસી અનામતનો લાભ વધુ લોકોને મળશે. ઓબીસી વર્ગ દ્વારા આની માંગણી પણ લાંબા સમયથી કરાઈ રહી છે. આ બધાની વચ્ચે સરકારનું જે વલણ છે અને આગામી દિવસોમાં જે રીતે યુપી, પંજાબ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી થવાની છે તે જોતા એવું માનવામાં આવી રહ્યું છે કે તેની જાહેરાત બહુ જલ્દી થઈ જશે.

# હિમાચલ પ્રદેશમાં શાળાઓ શરૂ કરવી મોંઘી પડી એક મહિનામાં ૫૫૬ વિદ્યાર્થીઓ કોરોના પોઝીટીવ

નવી દિલ્હી તા. ૩૦ હિમાચલ પ્રદેશમાં શાળાઓ ખોલવી મોંઘી પડી છે. છેલ્લા એક મહિનામાં ૫૫૬ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટીવ થયા છે જયારે હમીરપુરમાં ૧૩ વર્ષની છોકરીનું કોરોનાથી મોત નીપજ્યું છે

રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીએ જણાવ્યું કે એક મહિનામાં લગભગ ૫૫૦ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટીવ થયા છે. વિવિધ સરકારી અને ખાનગી સ્કૂલોમાં ૨૭ સપ્ટેમ્બરથી ૨૫ ઓક્ટોબર સુધી ૫૫૦ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટીવ થયા છે.

# મુંબઈની આર્થર રોડ જેલમાંથી આર્યન ખાન મુકત : ૨૮ દિવસ બાદ ઘરે પહોંચ્યો

મુંબઈ તા. ૩૦ ૨૮ દિવસ જેલમાં પસાર કર્યા બાદ આજે, ૩૦ ઓક્ટોબરે આર્યન જેલમાંથી બહાર આવ્યો છે.

આજે પરોઢિયે ૫:૩૦ વાગ્યે આર્થર રોડ જેલની જામીન પેટી ખૂલી હતી. ત્યાર બાદ આર્યન ખાનની જામીનના કાગળ જેલની અંદર પહોંચ્યા હતા અને ત્રણથી ચાર કલાકની અંદર જામીનની કાર્યવાહી પૂરી કરવામાં આવી હતી. આર્યન ખાન, જેલ મુકત થઈને 'મન્નત' પહોંચી ગયો છે.

# દેશની રાજકોષિય ખાદ્ય ઘટી : સરકારની આવક વધી, ખર્ચમાં ઘટાડો થયો

નવી દિલ્હી, તા. ૩૦: દેશની આર્થિક પ્રગતિ સાથે જોડાયેલા કેટલાક આંકડા જાહેર કરવામાં આવ્યા છે. તેમાંથી એક રાજકોષીય ખાધનો આંકડો હતો. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૬ મહિનામાં રાજકોષીય ખાધ (જે ૧ એપ્રિલ, ૨૦૨૧થી શરૂ થઈ અને ૩૧ માર્ચ, ૨૦૨૨ના રોજ સમાપ્ત થાય છે) રૂ. ૫.૨૬ લાખ કરોડ હતી.

ચાલુ નાણાકીય વર્ષમાં ખાધના આંકડા પાછલા નાણાકીય વર્ષ કરતા ઘણા સારા રહ્યા છે. એટલે કે સરકારની આવક વધી છે અને ખર્ચમાં ઘટાડો થયો છે. કોવિડ-૧૯ મહામારીનો સામનો કરવા માટે ખર્ચમાં વધારો થવાને કારણે ગત વર્ષના સમાન સમયગાળામાં અંદાજની સરખામણીમાં ખાધ ૧૧૪.૮ ટકા વધી હતી.

રાજકોષીય ખાધનો અર્થ સરકારના કુલ ખર્ચ અને ઋણ સિવાયની કુલ કમાણી વચ્ચેનો તફાવત છે. જયારે ખર્ચ સરકારની કુલ વાર્ષિક આવક કરતાં વધુ હોય ત્યારે તેને રાજકોષીય ખાધ કહેવામાં આવે છે. પરંતુ તેમાં દેવાનો સમાવેશ થતો નથી. સરકાર દ્વારા લેવામાં આવેલ ઉધારનો સરકારની આવકમાં સમાવેશ થતો નથી. રાજકોષીય ખાધના આંકડાઓની સરખામણી સામાન્ય રીતે જીડીપીની ટકાવારી તરીકે દર્શાવવામાં આવે છે.

# દેશનાં ૪૦ કરોડ લોકો પાસે કોઈપણ પ્રકારનું આરોગ્ય વિમા કવચ નથી : નીતિ આયોગ

નવી દિલ્હી, તા. ૩૦: સસ્તા સ્વાસ્થ્ય વીમા ઉત્પાદનોની ગેરહાજરીમાં, દેશની ઓછામાં ઓછી ૩૦ટકા વસ્તી, એટલેકે ૪૦ કરોડ લોકો પાસે વીમાના સ્વરૂપમાં કોઈ નાણાકીય સુરક્ષા નથી. નીતિ આયોગના એક રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. 'હેલ્થ ઈન્સ્યોરન્સ ફોર ઈન્ડિયાઝ મિસિંગ મિડલ' શીર્ષક હેઠળના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે સ્વાસ્થ્ય વીમા કવરેજનું વિસ્તરણ એ સાર્વત્રિક સ્વાસ્થ્ય કવરેજ હાંસલ કરવાના ભારતના પ્રયાસોમાં એક આવશ્યક પગલું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ઓછામાંઓછી ૩૦ટકા વસ્તી એટલે કે ૪૦ કરોડ લોકો સ્વાસ્થ્ય માટેની કોઈપણ નાણાકીય સુરક્ષાથી વંચિત છે.


**સ્ટાફ જોઈએ છે**

કોમ્પ્યુટરનાં અનુભવી અને સિંગદાણાનાં કારખાનાનાં અનુભવી સ્ટાફની જરૂર છે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.

:: કોન્ટેકટ ::
૯૯૦૪૭ ૬૫૭૫૭, ૯૯૭૪૬ ૫૫૭૫૭

બાબુભાઈ મો.૭૪૩૩૮ ૦૩૫૩૫ | સંદિપભાઈ મો.૯૪૨૬૮ ૩૩૮૧૧

**મુરલીધર ડેરી ફાર્મ**



અંબા આર્કેડ, એમ.જી. રોડ, જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ

**નાનખટાઈ બીસ્કીટ કુકીઝ**
બેકરીની બધી જ વેરાયટી ઘઉંની મળશે

**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ
ફોન : ૨૬૨૪૨૪૪

**નારાયણ બેકરી**
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪

**વેચવાનું છે**

3 બેડ, હોલ, કીચન (ફર્નીચર સાથે)
સવારામ એપાર્ટમેન્ટ, પહેલા માળે, મધુરમ બસ સ્ટોપ પાસે, જૂનાગઢ.

ડુપ્લેક્ષ-૩ બેડ, હોલ, કીચન
શેરી નં. ૨, મધુરમ બસ સ્ટોપ પાસે, જૂનાગઢ.

સંપર્ક : મહીપતભાઈ ટાંક
મો. ૯૫૧૦૧ ૯૫૭૦૭

**Magnet**
Shop No.1, Opp. Abhisek Complex,
Nr. Pipaliyano Delo, M.G. Road, Junagadh

**Mayur** Kid's & Family Wear



Execlusive Familywear Show Room
10-11 & 19-20, Jenili Shopping Centre,
M.G. Road, Junagadh

**વોકહાર્ટ હોસ્પિટલ્સ ના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર્સની સેવા આ રવિવારે સોમનાથ માં મેગા નિદાન કેમ્પ**

મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત
ડો. કાંત જોગાણી (સિનિયર કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન)

પેટ, આંતરડા અને લીવરના રોગોના નિષ્ણાંત
ડો. પ્રફુલ કમાણી (સિનિયર કન્સલ્ટન્ટ ગેસ્ટ્રોએન્ટરોલોજિસ્ટ, હેપેટોલોજિસ્ટ અને ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ એન્ડોસ્કોપિસ્ટ)

હૃદયના રોગોના નિષ્ણાંત
ડો. અભિષેક રાવલ (સિનિયર કન્સલ્ટન્ટ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ)

કીડની તથા મૂત્રાશયના રોગોના નિષ્ણાંત
ડો. નયન ટીંબડીયા (કન્સલ્ટન્ટ યુરોલોજિસ્ટ એન્ડ્રોલોજિસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ સર્જન)

ફેફસા અને છાતીના રોગોના નિષ્ણાંત
ડો. મીલન ભંડેરી (એમ.ડી. ચેસ્ટ ફિઝિશિયન)

ગોઠણ અને થાપાના રોગોના નિષ્ણાંત
ડો. હાર્દિક ધમસાણીયા (ઓર્થોપિડિક સર્જન)

તારીખ : ૩૧-૧૦-૨૦૨૧, રવિવાર

સ્થળ : યાત્રીસુવિધા કેન્દ્ર (ટીએફસી) માહેશ્વરી અતિથી ભવનની સામે, સોમનાથ. સમય : સવારે ૧૦ થી ૧

એપોઈન્ટમેન્ટ માટે : 99797 93959

WOCKHARDT HOSPITALS LIFE WINS

**રાહતદરે ફટાકડા વિતરણ**

૪ વર્ષની ભવ્ય સફળતા બાદ પાંચમાં વર્ષમાં મંગલ પ્રવેશ

રાહતદરે ફટાકડા લેવા માટે હવે ધોરાજી જવાની જરૂર નથી



હવે આપણા શહેરમાં અવનવી વેરાયટીમાં રાહતદરે ફટાકડા વિતરણ

**મસ્તારામ ફટાકડા**
છૂટક તથા જથ્થાબંધ

નોંધ : વેચાણ સ્ટોક હશે ત્યાં સુધી રહેશે. વહેલા તે પહેલાનાં ધોરણે
છૂટક વેપારીઓ માટે પુછપરછ આવકાર્ય છે
મુરલીધર વાડી, માર્કેટીંગ યાર્ડ રોડ, દોલતપરા, જૂનાગઢ મો. ૯૦૮૧૯ ૫૨૭૬૦ / ૯૦૮૧૯ ૫૨૭૬૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

જૂનાગઢમાં ફાસ્ટ ફૂડ શોપ એટલે

A/c. **કચ્છી® ફાસ્ટ ફૂડ**

પીઝા | ગાર્લિક બ્રેડ | બર્ગર

જાદૂઈ સ્વાદ માણો - પરિવાર સાથેની બેઠક



**દાબેલી**
બટર દાબેલી
ડબલ દાબા દાબેલી
વેજ. પફ
ચાઈનીઝ પફ
સમોસા પ્લેટ
સમોસા ફુલ પ્લેટ
સુધરા
કચોરી
વડાપાંઉ
બટર ફ્રાય વડાપાંઉ
શેઝવાન વડાપાંઉ
માયોનીઝ વડાપાંઉ
કટકા પાંઉ
વેજ પફ કટકા
ચાઈનીઝ પફ કટકા

**ગ્રીલ સેન્ડવીચ**
મસાલા ગ્રીલ
વેજ. સેન્ડવીચ
વેજ. ચીઝ (ટોસ્ટ)
પીઝા સેન્ડવીચ
ઇટાલિયન સેન્ડવીચ (પાસ્તા)
ચીઝ ગ્રીલ
ચીઝ ચીલી
ગાર્લીક બ્રેડ
મારીક સેન્ડવીચ
કલબ સેન્ડવીચ
પનીર ચીલી
ચાઈનીઝ રાસ્તા
તંદુરી સેન્ડવીચ
મેક્સીકન સેન્ડવીચ

કોન્ટેકટ : ૯૪૨૬૯ ૦૪૮૧૦ ૯૪૨૮૭ ૦૬૭૭૯
જુનું સંકલ્પ કોમ્પ્લેક્ષ, નરસીંહ મહેતા સરોવરની સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# મમતા બેનર્જી વડાપ્રધાનની રેસમાં સફળતા કઈ રીતે મળશે ?

દેશમાં મોદી સરકાર સામે વિરોધ પક્ષોને એકજૂટ કરવા નીકળેલા સોનિયા ગાંધી સાથે અંગત સંબંધો ધરાવતા મમતા બેનર્જી વિપક્ષો માંહેની આંતરિક જૂથબંધી કે ખેંચતાણને લઈને તેનો લાભ ઉઠાવવા હવે વડાપ્રધાન બનવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે. તો પોતે કોંગ્રેસ ઉપર હુમલો ન કરતા પ્રશાંત કિશોર દ્વારા કોંગ્રેસ ઉપર એવો હુમલો કરાવ્યો છે જે રાહુલ ગાંધી રાજકારણમાં કાચા છે તેમની સમજ ઓછી છે, મોદીનો સામનો કરવા તેમને સમજવા જોઈએ અને ત્યારે જ તેમને લડત આપી શકાય. જયારે કે મમતા પશ્ચિમ બંગાળમાં ભાજપને પછડાટ આપવામાં સફળ થયા તે સાથે ભાજપના ૫ ધારાસભ્યો ટીએમસીમાં જોડાતા હવે મમતા પોતાને સફળ નેતા માની રાષ્ટ્રીય સ્તરે પહોંચવાના પ્રયાસો કરી રહ્યા છે. એટલા માટે તેઓએ યુપીમાં અખિલેશ સાથે જોડાવાનું નક્કી કર્યું છે. તેમજ તેઓએ ગોવાની ચૂંટણી ધ્યાને લઈને તેને નિશાન ઉપર લીધું છે અને ત્યાં પીકે ને ટીમ સાથે ઉતારી દઈને વ્યુહ રચના ગોઠવી જેમાં પ્રથમ કોંગ્રેસના ધૂરંધર કહેવાતા નેતાઓની વિકેટ પાડી દઈ ટીએમસીમાં લાવ્યા છે અને ગોવામાં ટીએમસી સંગઠન ઉભું કર્યું જે નાના પાયે શરૂઆત થયેલ છે પરંતુ જોઈએ તેવી સફળતા હજુ સુધી મળી નથી. દરમ્યાન મમતા ખુદ ગોવા પહોંચી ગયા પરંતુ ગોવામાં જયશ્રી રામના પોસ્ટર લાગી ગયા હતા અને તેનું કારણ છે કે, પશ્ચિમ બંગાળમાં જયશ્રી રામના નારા બાબતે મમતાજીએ નારાજગી વ્યક્ત કરી હતી. જોકે, ગોવામાં ક્રિશ્ચયન વસ્તી વધુ છે તેથી જય શ્રી રામનો મુદ્દો ગાજવાની શક્યતા ઘણી જ ઓછી છે.....! જ્યારે કે અહીં ગત વિધાન સભા? ચૂટણીમાં કોંગ્રેસના ૧૭ ધારાસભ્ય ચૂંટાયેલા પરંતુ સરકાર રચવામાં ભાજપને સફળતા મળી.... તો શિવસેના પણ મેદાનમાં છે એ મહારાષ્ટ્રમાં કોગ્રેસ, એનસીપી સાથે ગઠબંધન ધરાવે છે. આ બાબતને પીકેએ ધ્યાનમાં લીધી હોય પરંતુ નગણ્ય ગણી હોય શકે.....!

યુપીની ચૂંટણી ભાજપ, કોંગ્રેસ, સપા સહિતના પક્ષો માટે મહત્વની બની ગઈ છે કારણ અહીંથી લોકસભાની ૮૦ બેઠકો છે એટલે વિધાનસભા ચૂંટણી જીતવા આ ત્રણેય પક્ષોએ એડીચોટીનું જોર લગાવી દીધુ છે. જ્યારે કે ભાજપનો ચૂંટણી પ્રચાર દોર મોદીના હાથમાં છે. તથા સીએમ યોગી હવે મેદાનમાં ઉતર્યા છે. તેઓ અમિત શાહને પસંદ કરતા નથી તેથી ભાજપાએ યુપીની જવાબદારી તેઓને સોંપી નથી. બીજી તરફ અખીલેશે રાજ્યભરમાં રથ યાત્રાઓ યોજી છે જેને જોરદાર તહલકો મચાવી દીધો છે.... તો પ્રિયંકા ગાંધીએ સતત પ્રચાર શરૂ કર્યો છે અને વિવિધ મુદ્દા ઉપર તેઓ રાજ્યભરમાં ફરવા લાગ્યા છે. જેમાં લખીમપુર ઘટના બાબતે મૃતક કિસાનોના પરિવારોને મળવા દોડી ગયા તો લલિતપુરમાં ખાતર મેળવવા જતા કિસાનોના મોત થયા તેમના પરિવારોને મળવા ટ્રેઈન દ્વારા પહોંચી ગયા.... જે કારણે આમ પ્રજામાં આ પગલું આવકાર દાયક બની ગયું. તેમજ પોલીસ કસ્ટડીમાં દલીતનું મોત થતાં તેના પરિવારને મળવા આગ્રા દોડી ગયા જેથી દલીતોમાં છવાઈ ગયા... તેઓની યોગી સરકારે અટકાયત કરતા તેના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર યુપીમાં પડ્યા જેનો લાભ કોંગ્રેસને મળી શકે તેવી સ્થિતિ ઉદભવવા પામી છે. અહીં ભાજપાએ પ્રાદેશિક સાત જેવા નાના પક્ષો સાથે ગઠબંધન કર્યું છે કે જેથી તેઓનો લાભ મળે અહી કિસાન આંદોલનની, કિસાનોના મોત, કોરોના કાળ સમયની આરોગ્ય તંત્રની કામગીરી સહિતના પ્રશ્નો યોગી સરકારને નુકસાન કરી શકે તેવી સંભાવના છે.....! જો કે, મોદી ચૂંટણી પ્રચારના સૂત્રધાર છે એટલે રામ મંદિર, ત્રિપલ તલ્લાક, કાશ્મિર સહિતના મુદ્દાઓને પ્રાધાન્ય આપશે. તેઓની ખાસ પકડ આફતને અવસરમાં પલટાવવાની છે એટલે વિપક્ષ નેતાઓનો એક પણ નબળો શબ્દ પાસુ પલટાવી ઉપયોગ થઈ શકે...! માટે વિપક્ષો જ ભાજપ માટે સત્તા મેળવવાની સીડી પ્રાપ્ત કરવાનું સંભવત હથીયાર સાબિત થઈ શકે તે માટે ભાજપ રણનીતિ ઘડી રહ્યું છે...!!

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જ્યાં બુધ્ધિ શાસન કરે છે, ત્યાં સફળતા નજીક હોય છે.

- ટોમસન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ખોરદાદ-૧૩૯૧, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, આસો વદ-૯, તા.૩૦ઓક્ટોબર ૨૦૨૧, શનિવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૨૩, આશ્લેષા નક્ષત્ર, શુક્લયોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૫૬, સૂ.અ.૧૮:૧૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), બપોરે ૧૨:૫૨ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

| | |
|---|---|
| મેષ : | ભાઈ-બહેનનો સહકાર મળે. પર્યટન-પ્રવાસનું આયોજન થાય. |
| વૃષભ : | કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય. |
| મિથુન : | સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય. |
| કર્ક : | સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો. |
| સિંહ : | ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સામાચાર મળે. |
| કન્યા : | ભાગીદારીથી આર્થિક લાભ, પડવા-વાગવાથી સંભાળવું. |
| તુલા : | ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય. |
| વૃશ્ચિક : | માનાસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર આવે. |
| ધન : | રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે. |
| મકર : | લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગત્તિ થાય. |
| કુંભ : | વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. જીવનસાથીનો સહકાર મળે. |
| મીન : | પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને. |

# દિવાળી શારદા પૂજન ચોપડા ખરીદવા માટેના શુભમુર્હુતો

જૂનાગઢ શહેરનાં જાણીતા જયોતિષ દિનેશકુમાર અનંતરાય ભટ્ટે ધન તેરસ, શારદા પૂજન, ચોપડામાં મિતી પધરાવવી તેમજ લાભ પાંચમે દુકાનો ખોલવાના તેમજ કારખાના, ફેકટરી ખોલવાનાં મુર્હુતો.

(૧) ધન તેરસ, લક્ષ્મી પૂજન, ચોપડા ખરીદવા ગાદી બિછાવવાનાં શુભમુર્હુતો

સંવત ૨૦૭૭ આસો વદીબારસ મંગળવાર તા. ૨-૧૧-૨૧ના રોજ ધનતેરસ મનાવવામાં આવશે. આ દિવસે સવારે ૧૧ કલાક ૩૧ મીનીટ પછી ધનતેરસનો પ્રારંભ થાય છે. તે બીજે દિવસે સવારે૯ કલાક ૨ મીનીટ સુધી રહેનાર છે. પોતાની પરંપરા પ્રમાણે ધનતેરસની પુજા કરાવવી. ધનતેરસ શુભમુર્હુતો સવારે ૧૧ કલાક ૩૧ મીનીટથી બપોરે ૧ કલાક ૫૬ મીનીટ સુધી ચલ ચોઘડીયાનો અમુક ભાગ તેમજ લાભ તેમજ અમૃત ચોઘડીયા અને બપોરે ૩ કલાક ૨૦ મીનીટથી બપોરે ૪ કલાક ૪૪ મીનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ રાત્રે ૭ કલાક ૪૨ મીનીટથી રાત્રે ૯ કલાક ૧૮ મીનીટ સુધી લાભ ચોઘડીયું. રાત્રે ૧૦ કલાક ૫૪ મીનીટથી મધરાત્રે ૩ કલાક ૪૨ મીનીટ સુધી શુભ અમૃત તેમજ ચલ ચોઘડીયા બુધવારનાં સૂર્યોદય પછી સવારે ૬ કલાક ૫૬ મીનીટથી સવારે ૯ કલાક ૨ મીનીટ સુધી લાભ તેમજ અમૃત ચોઘડીયાનો અમુક ભાગ છે.

(૨) દિવાળી-દિપોત્સવી શારદાપૂજન વગેરેનાં શુભમુર્હુતો

સંવત ૨૦૭૭ આસો વદી અમાસ ગુરૂવારે તા. ૪-૧૧-૨૧નાં રોજ દિવાળી મનાવવામાં આવશે. દિવાળીનાં શુભ મુર્હુતો વહેલા સવારે ૬ કલાક ૫૬ મીનીટથી ૮ કલાક ૨૦ મીનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ સવારે ૧૧ કલાક ૮ મીનીટથી બપોરે ૩ કલાક ૨૦ મીનીટ સુધી ચલ, લાભ તેમજ અમૃત ચોઘડીયા તેમજ બપોરે ૪ કલાક ૪૪ મીનીટથી સાંજનાં ૬ કલાક ૮ મીનીટ સુધી શુભ ચોઘડીયું તેમજ સૂર્યાસ્ત પછી ૬ કલાક ૮ મીનીટથી રાત્રે ૯ કલાક ૨૦ મીનીટ સુધી અમૃત તેમજ ચલ ચોઘડીયાં રાત્રે ૧૨ કલાક ૩૨ મીનીટથી રાત્રે ૨ કલાક ૮ મીનીટ સુધી લાભ ચોઘડીયું.

પ્રદોષ કાળ પ્રમાણે ગુરૂવારે સાંજે ૬ કલાક ૯ મીનીટથી રાત્રે ૮ કલાક ૨૨ મીનીટ સુધી પ્રદોષ કાળનો સમય શ્રેષ્ઠ ગણાય છે. તેમજ વૃક્ષભ લગ્ન પ્રમાણે સાંજે ૬ કલાક ૪૬ મીનીટથી રાત્રે ૮ કલાક ૪૧ મીનીટ સુધી વૃષભલગ્ન ચોપડા પૂજન માટે શુભ ગણાય છે.

(૩) નૂતન વર્ષ ગોવર્ધન પૂજા તેમજ અન્નકુટ ઉત્સવ

સંવત ૨૦૭૮ કારતક સુદ એકમ ગુરૂવાર તા. ૫-૧૧-૨૧નાં રોજ નૂતનવર્ષનો પ્રારંભ થશે. સંવત ૨૦૭૮ નૂતન વર્ષ ચોપડામાં મિતી પધરાવવાનાં શુભમુર્હતો દિવાળીની પાછલી રાત્રે ૩ કલાક ૪૪ મીનીટથી એટલે કે બીજે દિવસે સવારનાં ૬ કલાક ૫૬ મીનીટ સુધી શુભ તેમજ અમૃત ચોઘડીયા સૂર્યોદય પછી શુક્રવારે ૬ કલાક ૫૬ મીનીટથી સવારનાં ૧૧ કલાક ૮ મીનીટ સુધી ચલ, લાભ તેમજ અમૃત ચોઘડીયાં છે.

(૪) ભાઈબીજ

સંવત ૨૦૭૮ કારતક સુદ બીજ શનિવાર તા. ૬-૧૧-૨૧નાં રોજ મનાવવામાં આવશે.

(૫) લાભ પાંચમ

સંવત ૨૦૭૮ કારતક સુદી પાંચમ મંગળવાર તા. ૯-૧૧-૨૧ના રોજ મનાવવામાં આવશે.

દુકાન, પેઢી, કારખાના ખોલવાના મુર્હુતો

સવારે ૯ ને ૪૮ મીનીટથી ૧૨ કલાક ૩૮ મીનીટ સુધી ચલ તેમજ લાભ ચોઘડીયાં છે.

જયોતિષી : દિનેશકુમાર અનંતરાય ભટ્ટ, જૂનાગઢ. મો.૯૪૨૮૩ ૭૩૪૪૨.

# જૂનાગઢમાં શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદીર ખાતે ભવ્ય અન્નકુટ મહોત્સવનું આયોજન

## ધન પુજન, ચોપડા પુજન, દિપાવલી પુજન, હનુમાનજી પુજન, લક્ષ્મીજી પુજન, ગોવર્ધન પુજન અને દિવ્ય અન્નકુટ ઉત્સવનો લાભ લેવા હરીભકતોને અનુરોધ





જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદીર ખાતે આગામી દિપોત્સવી અને વિવિધ તહેવાર અંતર્ગત ભવ્ય અન્નકુટ મહોત્સવનું અને દિપોત્સવીનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ભગવાન સ્વામી નારાયણ દ્વારા સ્વહસ્તે પધરાવેલા સિધ્ધેશ્વર મહાદેવ સહિતનાં બિરાજમાન દેવો જયાં ભાવિકોની મનોકામના પુર્ણ કરે છે. શ્રી સ્વામી નારાયણ મુખ્ય મંદિર ખાતો આગામી તા. ૨-૧૧-૨૦૨૧ મંગળવારે સાંજે ૭.૧૫ થી ૯.૧૫ દરમ્યાન ધન પુજનનો કાર્યક્રમ યોજાશે, જયારે ૩-૧૧-૨૦૨૧નાં રોજ સવારે ૯.૩૦ કલાકે હનુમાનજી પુજન થશે, આ ઉપરાંત ૪-૧૧-૨૦૨૧ ગુરૂવારે સાંજે ૪.૩૫ થી ૯.૧૧ સુધી ચોપડા અને લક્ષ્મી પુજન થશે જયારે આજ દિવસે સાંજે ૬.૦૦ કલાકે લક્ષ્મીજીનું પુજન કરવામાં આવશે. તેમજ દિપાવલી પર્વપણ મનાવવામાં આવશે. આ ઉપરાંત ૫-૧૧-૨૦૨૧ શુક્રવારનાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે ગોવર્ધન પુજન કરવામાં આવશે અને ૫-૧૧-૨૦૨૧ શુક્રવારે બપોરે ૧૨.૦૦ કલાકે દિવ્ય અન્નકુટ ઉત્સવ પણ ઉજવવામાં આવનાર છે આ દિપાવલી, બેસતા વર્ષનાં તહેવાર નિમિતે પુજન, અન્નકુટ સહિતનાં કાર્યક્રમો યોજાનાર છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ચેરમેનશ્રી કોઠારી સ્વામી દેવનંદન દાસજી, મુખ્ય કોઠારી શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપ દાસજી, કોઠારી પી.પી. સ્વામી, પુજારી ધર્મકિશોર સ્વામી, શાસ્ત્રી સ્વામી કુંજવિહારી દાસજી, ભંડારી સ્વામી નૌતમપ્રકાશ દાસજીનાં માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારી કરવામાં આવી રહી છે અને ભાવિક ભક્તોને અન્નકુટનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ હોવાનું પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

# જિયોફોન નેક્સ્ટ રૂા.૧૯૯૯નાં સરળ હપ્તે દિવાળીથી મળશે

મુંબઈ તા.૩૦

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જાહેરાત કરી છે કે, જિયો અને ગૂગલ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવેલો સ્માર્ટફોન જિયોફોન દિવાળીથી રૂા.૧૯૯૯ જેટલી ઓછી કિંમતે અને સરળ હપ્તે, દિવાળીથી સ્ટોર્સમાં ઉપલબ્ધ થશે. જેની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તેવો જિયોફોન દિવાળીથી જિયો અને ગૂગલના સંયુક્ત પ્રયાસો દ્વારા તૈયાર કરવામાં આવેલા આ ફોન માટે જિયો ફાઈનાન્સનો વિકલ્પ પણ આપશે. જેમાં ગ્રાહક રૂા.૧૯૯૯નું અપફ્રન્ટ પેમેન્ટ કરી શકે છે અને ૧૮ થી ૨૪ મહિના સુધીના સરળ હપ્તા દ્વારા બાકીની ચૂકવણી કરી શકે છે. કોઈપણ પ્રકારના ફાયનાન્સ વગર જે લોકો આ ફોન લેવા ઈચ્છતા હશે તેમને રૂા.૬૪૯૯ની કિંમતે મળશે. એન્ટ્રી-લેવલ કેટેગરીમાં પહેલીવાર કોઈ ફોન માટે ફાઈનાન્સનો વિકલ્પ આપવામાં આવી રહ્યો છે. તેનાથી ગ્રાહક માટે ફોનની કિંમત અત્યંત પોસાય તેવી અને ફીચર ફોન જેટલી જ થઈ જશે. ક્વાલકોમ ચીપસેટથી બનેલો સ્માર્ટફોન સમગ્ર ભારતમાં જિયોમાર્ટ ડિજિટલ રિટેલ સ્ટોર્સ ઉપર ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે વાત કરતાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ કહ્યું હતું કે, ‘‘ખાસ કરીને કોવિડ મહામારીના કારણે સમગ્ર વિશ્વની પુરવઠા શ્રૃંખલા ખોરવાઈ ગઈ છે તેવા સમયનો સામનો કરી તહેવારોની મોસમમાં ભારતીય ગ્રાહકો માટે સીમાચિન્હ કહી શકાય તેવો ફોન ગૂગલ અને જિયો સફળતાપૂર્વક લાવી રહ્યા હોવાનો મને આનંદ છે. ૧.૩૫ અબજ ભારતીયોની જિંદગીને સમૃદ્ધ, મજબૂત અને સશક્ત બનાવવા માટે ડિજિટલ ક્રાંતિની તાકાતમાં મને હંમેશા અતૂટ વિશ્વાસ રહ્યો છે. ભૂતકાળમાં કનેક્ટિવિટી થકી અમે એ કરી બતાવ્યું છે. હવે ફરી એકવાર અમે સ્માર્ટફોન ડિવાઈસથી એ કરી બતાવીશું. આમ તો જિયોફોન નેક્સ્ટમાં અનેક ખાસ ફીચર છે, પરંતુ સામાન્ય ભારતીયને સશક્ત બનાવે તેવું અને આપણી ડિજિટલ સફરને નવા સ્તરે લઈ જઈ શકે તેવું જે ફીચર છે ભારતની વૈવિધ્યપૂર્ણ ભાષાસમૃદ્ધિનું એકીકરણ છે જેનાથી હું સૌથી વધુ પ્રભાવિત થયો છું. ભારતની આગવી ખાસિયત તેની ભાષાનું વૈવિધ્ય છે. જે ભારતીયો ઈન્ટરનેટ ઉપર અંગ્રેજી કે તેમની પોતાની ભાષામાં પણ કોઈ સામગ્રી નથી વાંચી શકતાં તેમને આ ફોન ભાષાંતર પણ કરી આપશે અને એ સામગ્રી વાંચીને સ્પીકર ઉપર સંભળાવશે. મને કહેતાં ગર્વ થાય છે કે, ‘ઈન્ડિયા’ અને ‘ભારત’ વચ્ચે અમે સેતુ તૈયાર કરી રહ્યા છીએ, કારણ કે ‘ભારત’ કરેગા ડિજિટલપ્રગતિ - પ્રગતિ ઓએસ કે સાથ. રિલાયન્સની **‘WE CARE’** ફિલસૂફીનું આ વધુ એક ઉદાહરણ છે—અમે લોકોની અને અમારા ગ્રાહકોની સંભાળ લઈએ છીએ. હું સુંદર પિચાઈ અને તેમની ગૂગલની ટીમનો તથા અમારા દેશવાસીઓને દિવાળીની આ સુંદર ભેટ આપવામાં સહભાગિતા કરનાર જિયોમાં તમામનો આભાર માનું છું. દરેકને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.’’ આ સીમાચિન્હ અંગે ટિપ્પણી કરતાં ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈએ કહ્યું કે, ઈન્ટરનેટ દ્વારા ઊભી થતી તકોનો લાભ દરેક ભારતીય સુધી પહોંચવો જોઈએ તેવા વિશ્વાસથી પ્રેરાઈને ભારત માટે જિયોફોન નેક્સ્ટ ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ ફોન તૈયાર કરવા માટે અમારી ટીમે જટીલ એન્જિનિયરિંગ અને ડિઝાઈનના પડકારો ઉકેલ્યા છે, અને જે રીતે લાખો લોકો તેમની અને તેમના સમુદાયની જિંદગી બહેતર બનાવવા માટે આ ઉપકરણનો ઉપયોગ કરશે એ જોવા માટે હું ખૂબ જ ઉત્સાહિત છું.’’

# ભાવનગરમાં ‘પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી)’ અંતર્ગત નવનિર્મિત ૧૦૮૮ આવાસોનું રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે લોકાર્પણ

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રાષ્ટ્રપતિએ પ્રતિકરૂપે પાંચલાભાર્થીઓને આવાસની ચાવી અર્પણ કરી : દિવાળી પૂર્વે ઘરનું ઘર મળતા લાભાર્થીઓમાં મંગલ ગૃહ-પ્રવેશનો ઉત્સાહ





ભાવનગર તા.૩૦

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભાવનગર ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અંતર્ગત રૂા.૫૮.૮૩ કરોડના ખર્ચે નવનિર્મિત ૧૦૮૮– ઈ.ડબલ્યુ.એસ -૧ આવાસોનું લોકાર્પણ કર્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ આ અવસરે સહભાગી થયા હતા. ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં **PMAY**ના આ નવનિર્મિત આવાસોના લોકાર્પણ પ્રસંગે રાષ્ટ્રપતિએ દિવાળીના પર્વ પૂર્વે ગૃહ પ્રવેશ કરી રહેલા લાભાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. રાષ્ટ્રપતિએ પ્રતિકરૂપે પાંચ લાભાર્થીઓને આવાસની ચાવી અર્પણ કરી હતી. આ પ્રસંગે દિવાળી પૂર્વે ઘરનું ઘર મળતા લાભાર્થીઓમાં મંગલ ગૃહ-પ્રવેશનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આવાસ અર્પણના આ અવસરે ૨૦૨૨ સુધીમાં સૌને આવાસના પ્રધાનમંત્રીના સંકલ્પને ગુજરાતમાં સાકાર કરવાનો રોડમેપ દર્શાવતું પ્રેઝન્ટેશન રાષ્ટ્રપતિ સમક્ષ ગુજરાતના શહેરી આવાસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અન્વયે ભાવનગરમાં નિર્માણ પામેલા આ આવાસોમાં બે રૂમ, વોશ એરિયા, રસોડુ, શૌચાલય અને બાથરૂમની સુવિધા ઉપરાંત પી.એન.જી ગેસ પાઈપલાઈન કનેકશન પણ લાભાર્થીઓને આપવામાં આવ્યા છે. એટલું જ નહીં લીફ્ટ, ફાયર સેફ્ટી, કોમ્યુનિટી હોલ, ચિલ્ડ્રન પ્લે એરીયા, સ્ટ્રીટ લાઈટ, પાકા રસ્તા જેવી સુવિધાઓ પણ આ વસાહત ધરાવે છે. રાષ્ટ્રપતિએ પી.એન.જી. પાઈપ લાઈન સહિતની અત્યાધુનિક આવાસી સુવિધાઓ વિષે જાણી તેની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિએ ગુજરાતમાં **PMAY** સહિતના હાઉસિંગ પ્રોજેક્ટક્ષેત્રની પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮.૨૪ લાખ જેટલા આવાસ મંજુર કરવામાં આવ્યા છે. જે પૈકી ૫.૫૩ લાખ જેટલા આવાસની કામગીરી પુર્ણ કરવામાં આવી છે અને બાકી રહેલા આવાસોની કામગીરી વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે તેમ આ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું.

## જૂનાગઢમાં જાહેરમાં વરલી મટકાનો જુગાર રમતા બે ઝડપાયા

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ગઈકાલે જાહેરમાં વરલી મટકાનો જુગાર રમતા બે શખ્સોને રૂા.૭૫૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# મીઠાપુરનાં ભીમરાણા ગામે વિદેશી દારૂ ઝડપી પાડતી એલસીબી



દ્વારકા તા. ૩૦

મીઠાપુર તાબોનાં ભીમરાણા ગામે દેવભૂમિ દ્વારકા એલસીબીએ દારૂ અંગે દરોડો પાડતાં કુલ ૭૨ વિદેશી દારૂ સહીત કુલ રૂા. ૫૩,૮૦૦નાં મુદામાલ સાથે સાગરભા હમીરભા માણેકને ઝડપી લીધેલ છે. જયારે નાસી જનાર સમીર રબારીને ઝડપવા પોલીસે ચક્રો ગતીમાન કરેલ છે.


# દ્વારકામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો



દ્વારકા તા. ૩૦

દેવભૂમિ દ્વારકા એલસીબીએ દ્વારકામાં વિદેશી દારૂ અંગે દરોડો પાડતાં કુલ ૧૯૨ નંગ વિદેશી દારૂની બોટલ સહીત કુલ રૂા. ૭૭૩૦૦નાં મુદામાલ સાથે દિપકભા બુધાભા માણેકને ઝડપી લીધેલ છે. જયારે નાસી જનાર સાગરભા હમીરભા માણેકને ઝડપવા પોલીસે ચક્રો ગતીમાન કરેલ છે.

# શીલમાં બાજ પક્ષી ઈજાગ્રસ્ત મળી આવ્યું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૦

માંગરોળ તાલુકાના શીલ વાડી વિસ્તારમાં બાજ પક્ષી બિમાર તેમજ ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યું હતું. સ્થાનિક વાડી માલીકે શીલ સંજીવની નેચર ફાઉન્ડેશનને જાણ કરી હતી. ત્યારે સંસ્થાના યશ પુરોહિત તથા વાસુ ડાકી દ્વારા સલામત રેસ્ક્યુ કરી પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે માંગરોળ લાવવામાં આવ્યું હતું. નરેશબાપુ ગોસ્વામી દ્વારા સારવાર આપી વનવિભાગને સોપવામાં આવ્યું હતું. સંજીવની નેચર ફાઉન્ડેશન દ્વારા એક અઠવાડિયામાં મધિયા બાજ તરીકે ઓળખાતા બે પક્ષીને સારવાર આપવામાં આવી છે.

## જો આપણી વચ્ચે

# સરદાર વલ્લભભાઈ પટેલ હોત નહીં તો આપણી આંખો સોમનાથનું પુર્નઃ નિર્માણ જોવાને સહભાગી થાત નહીં : કનૈયાલાલ મુન્શી



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૩૦

ભારતની રાષ્ટ્રીય અસ્મિતાના માનબીંદુ સમુ અને કરોડો ભારત-વિશ્વના શ્રધ્ધાળુઓનું આસ્થા કેન્દ્ર વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું દિવ્ય-ભવ્ય મંદિર પુર્નઃનિર્માણ કરવામાં ભારતના લોખંડી પુરૂષ અને તત્કાલીન દેશના નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલનું મોટું યોગદાન રહયું છે.

સરદારે તે સમયે ખંડિત સોમનાથ મંદિર જોયેલું તેની આ રહી વાતો. કનૈયાલાલ મુન્શી લખે છે 'ખંડિત, ભસ્મીભૂત થયેલા પરાજીત એવું આ તિર્થ આપણા અપમાન અને આપણી અકૃતજ્ઞતાનું સ્મારક બની ગયું છે. વહેલી સવારે સભા મંડપમાં તુટેલ ફરસ, ખંડિત સ્તંભો અને વેરવિખેર પત્થરો જોઈ મારૂં હૃદય દ્રવી જાય છે. મંદિરમાં જયારે મે પગ મુકયો ત્યારે મારા અપરિચીત પગલાનો અવાજ સાંભળી ગરોળીઓ પોતાના દરમાંથી બહાર ડોકાઈ પાછી સંતાઈ જતી હતી અને કોઈક અધિકારીનો ત્યાં બાંધેલો ઘોડો મારા આગમનને સાંભળવા માથું ધૂણાવતો હણહણી ઉઠયો.

૧૩ નવેમ્બર ૧૯૪૭ની જૂનાગઢ સ્ટેટને આઝાદી મળી અને દેશના સૌ પ્રથમ ગૃહમંત્રી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ સોમનાથ મંદિરની મુલાકાતે આવ્યા અને જીર્ણશીલ થયેલા મંદિરને જોતા તેનો આત્મ દ્રવી ઉઠયો અને ખુલ્લા પગે એટલે કે ચંપલ પણ પહેર્યા વિના સોમનાથ મંદિરના દરિયા કિનારા તરફ જતા સીડીના ભાંગેલ તુટેલ પગથીયા સડસડાટ ઉતરી દરિયાના પાણીમાં ખોબો ભરી સુર્યનારાયણ સામે જોઈ પ્રતિજ્ઞા કરી કે, 'ભગવાન સોમનાથનું જર્જરીત મંદિર બનાવીને જ જંપીશ અને આ દરમ્યાન જો મારૂં મરણ થશે તો ફરીવાર ભારતમાં જન્મ લઈને પણ આ કાર્ય પુરૂં કરીશ.

નવા વર્ષના એ દિવસે સોમનાથની એ સભામાં સરદારે કહયું કે, નવા વર્ષના આ પવિત્ર દિવસો આપણે નિર્ધાર કરીએ કે સોમનાથનો જીર્ણોધ્ધાર થાય. તમારે સોમનાથ વાસીઓએ આ માટે બધું જ કરવું જોઈએ. અનો સોમનાથ મંદિરનું નિર્માણ પણ શરૂ થયું તેમની ઈચ્છા હતી કે, મંદિર ઉદ્ઘાટનમાં તેઓ હાજર રહેશે પરંતુ કમનસીબે મંદિર પુર્ણ થઈ શકે તે પહેલા જ સરદારનો સ્વર્ગવાસ થયો. જો કે મંદિર પુર્ણ થતા જે હાલનું સોમનાથ મંદિર છે તેની પ્રાણપ્રતિષ્ઠા વિધીનાં સમયે તત્કાલીન ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડોકટર રાજેન્દ્રપ્રસાદ સ્વયંમ્ હાજર રહયા અને તેમના વરદ્હસ્તે સોમનાથ જયોર્તિલીંગની પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી.

# માણાવદર ભાજપ પાલિકામાં ખુદ ભાજપમાં ભડકોઃ પ્રમુખના કાસ્ટીંગ વોટથી જનરલ બોર્ડની બહાલી પસાર કરી

માણાવદર તા. ૩૦

માણાવદર ભાજપ શાસિત પાલિકામાં છેલ્લા ઘણાં સમયથી પુર્વ પ્રમુખો, આરટીવિસ્ટો તથા નાગરીકોની ખુલ્લેઆમ રોડ-રસ્તાના કામોમાં ભ્રષ્ટાચારની ફરીયાદો થઈ છે જેનાથી ભાજપની આબરૂના લીરેલીરા ઉડયા છે તેમ છતાં ઉચ્ચ સત્તાધીશો જૂનાગઢ જીલ્લા ભાજપથી કેન્દ્રના સત્તાધીશોએ દરકાર કરી નથી. ઉપરાંત ખુદ સભ્યોના જ કામો નહિ થતા હોવાનું તથા સભ્યોએ માંગેલ ચુકવાયેલા પેમેન્ટના ચેકો તથા કોરોના ગ્રાન્ટના કામો હોવાના આક્ષેપો સાથે અંતે ગઈકાલે તા.૧૧ વાગ્યે ભાજપ શાસિત પાલિકામાં ખુદના ચુંટાયેલા ભાજપના સભ્યોએ જનરલ બોર્ડનો વિરોધ પ્રદર્શિત કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ભાજપ શાસિત પાલિકામાં ખુદ ભાજપની ભવાઈ થઈ હોવાની ચર્ચા શહેરીજનોમાં થઈ રહી છે.

ગઈકાલે જનરલ બોર્ડ મળેલ જેમાં ખુદ ભાજપના શાસકો સામે ખુદ ભાજપના ચુંટાયેલા સભ્યોએ ઠરાવોનો વિરોધ પ્રદર્શિત કરી બાંડ પોકારેલ હતો તેજ બતાવે છે કે, એકહથ્થું શાસનથી કંટાળી ગયા હોવાનો આક્ષેપ સભ્યોએ કર્યો હતો. જનરલ બોર્ડમાં ૨૨ જેટલા મુદા હતા જેમાં જનરલ બોર્ડ શરૂ થતાંજ મતદાનમાં ભાજપના ચુંટાયેલા સભ્યો કાજલબેન સંદિપભાઈ મારડીયા, ભાવનાબેન કાલરીયા, સરોજબેન કણસાગરા, પ્રશાંત વૈષ્ણનાણી, જેન્તીભાઈ કાલરીયાએ વિરૂધ્ધમાં મતદાન કર્યુ હતું. ઉપરથી કોંગ્રેસના ૯ સભ્યો પણ વિરૂધ્ધ મતદાન કરતા કુલ ૧૪ સભ્યોએ ભાજપના જનરલ બોર્ડમાં મતદાન કર્યુ અને સામે ભાજપના ૧૪ સભ્યોએ ભાજપ બોડીની તરફેણમાં મતદાન કર્યુ જેથી ટાઈની સ્થિતી સર્જાતા પ્રમુખશ્રીના કાસ્ટીંગ વોટથી જનરલ બોર્ડ ૧૫ મતે પસાર થયું હતું. આ અંગે સભ્યોએ જણાવેલ હતું કે, ભાજપના શાસનમાં કોંગ્રેસના સભ્યોને કામગીરી આપી માલા-માલ થતા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. ખુદ ભાજપના સભ્યોને પર્ણ માહિતી શાસકો આપતા નહીં હોવાનું જણાવેલ છે. આ જનરલ બોર્ડમાં તડાફડી બોલી હતી. વિરોધ પક્ષના નેતા નિર્મળસિંહ ચુડાસમાએ બોર્ડમાં ઠરાવોની માહિતી માંગીને ન આપતા ચીફ ઓફીસર સામે વિરોધ દર્શાવ્યો હતો. તેમ છતાં બોર્ડ ચાલુ રહેતા અંતે બોર્ડમાંથી વોકઆઉટ ૧૪ સભ્યોએ કરેલ બીજી બાજુ બાકીના ભાજપ શાસકો સભ્યોએ જનરલ બોર્ડ પ્રમુખના કાસ્ટીંગ વોટથી વિકાસ કામોના ઠરાવથી પસાર કરેલ. અનો જનરલ બોર્ડમાં ઠરાવોની ચર્ચા ન કરવાનું કારણ શું? તે તપાસનો વિષય બન્યો હોવાની સભ્યોમાં ચર્ચા થઈ રહી છે.

# જૂનાગઢ ખાતે દિવ્યાંગોના મેગા સાધન સાધન સહાય કેમ્પ યોજાયો



જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ સાંપ્રત એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અતિ ગંભીર અનાથ દિવ્યાંગોની સંસ્થા ખાતો તા.૨૮/૧૦/૨૦૨૧ના રોજ ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિના અને એસ.બી.આઈ. મ્યુચ્યલ ફંડના આર્થિક સહયોગથી દિવ્યાંગો માટે ટ્રાઈસિકલ, વ્હીલચેર અને શ્રવણયંત્ર વિતરણ માટેના કેમ્પનું આયોજન કરવામા આવેલ જેમાં કુલ ૩૧૦ જેટલા દિવ્યાંગોને વિનામુલ્યે સાધનો આપવામાં આવેલ છે.

આ કાર્યક્રમના અધ્યક્ષ મેયર ધીરૂભાઈ ગોહેલ ખાસ ઉપસ્થિત રહેલ તેમજ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડો.ચેતન ત્રિવેદી, શૈલેષભાઈ પટવારી, પૂર્વ પ્રમુખ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, લલીતભાઈ જૈન ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિના વાયરસ ચેરમેન, પ્રકાશભાઈ જૈન ઉદ્યોગપતિ અમદાવાદ, જીલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન ખટારીયા, તાલુકા પંચાયતના પ્રમુખ મુકતાબેન પરમાર, સમાજ સુરક્ષા અધિકારી રામાણી, ખાણ એસોસીએશનના રાજુભાઈ ભોજાણી, જીતુભાઈ મણવર, માનવ જયોત ટ્રસ્ટ મુંબઈના ફુલિનકાંત લુઠીયા, બાળ કલ્યાણ સમિતિના ચેરપર્સન ગીતાબેન માલમ, અગ્રણી હરીભાઈ પરમાર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ પરમાર તથા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# આલીદર ગામની માધ્યમિક શાળાનાં સિનિયર કલાર્ક નારણભાઈ બારડનો વિદાય સમારોહ યોજાયો



આલીદર,તા.૩૦

કોડીનાર તાલુકાનાં આલીદર ગામની માધ્યમિક શાળામાં ફરજ બજાવતા સિનિયર કલાર્ક નારણભાઈ બારડ વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ યોજાયો હતો. તેમાં ધોરણ ૧૦ની બહેનોએ સ્વાગત ગીત અને નૃત્ય રજૂ કર્યુ હતું તથા શિક્ષક સંઘના પ્રમુખ કાળુસિંહ ડોડીયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા શાળાના શિક્ષિકા કુ. માયાબહેન ચાંડેગરાએ વિદાય ગીત રજૂ કર્યુ હતું તેમજ આલીદર કેળવણી મંડળના પ્રમુખ ઉદયસિંહભાઈ વંશ સન્માનપત્ર અને શાલ ઓઢાડીને નારણભાઈ બારડનું સન્માન કર્યું હતું તેમજ શાળાના આચાર્ય એન. બી. મોરીએ અને શાળાના શિક્ષક કે. યુ. વંશએ મોમેન્ટો અને ભેટ આપી સન્માન કર્યું હતું. તેમજ શાળાના ભૂતપૂર્વ આચાર્ય જગમાલભાઈ પરમાર તેમજ બહારથી આવેલા તાલુકા પંચાયત અને ગ્રામપંચાયતના સદસ્યો તથા અન્ય શાળાના શિક્ષકો, વહીવટી કારકુનો અને સ્નેહીજનોએ શાલ ઓઢાડીને, પુસ્તકો આપીને, મોમેન્ટો આપીને તથા ભેટ આપીને નારણભાઈ બારડનું સન્માન કર્યું હતું.

આ તકે શાળાના શિક્ષક રામસિંહભાઈ વંશ, જગમાલભાઈ પરમાર તથા મહિલા કોલેજના પ્રિન્સિપાલ સંજયભાઈ વંશે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું તેમજ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. દિલીપભાઈ મકવાણા અને કાળુસિંહ ડોડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.


# કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા બેકરી તાલીમ યોજાઈ



જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ કૃષિયુનિવર્સિટી, દ્વારા રેડક્રોસ હોલ, જોશીપરા ખાતે ૨૯ ઓકટોબર,૨૦૨૧ નાં રોજ બેકરીની તાલીમ ડો.એન.કે.ગોંટિયાની પ્રેરણા અને ડો. એચ. એમ. ગાજીપરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ જેમાં બાવન મહિલાઓએ તાલીમ લીધેલ . આ પ્રસંગે ડો.જી.આર.ગોહિલે જણાવ્યું હતું કે,હાલ કુપોષણ ધીમે ધીમે વધતું જાય છે. જેનો ભોગ વધુ પડતા બાળકો બને છે. જે WHO સંસ્થાએ સર્વેમાં જણાવેલ છે. ઉપરાંત હવે શાકભાજી તેમજ ખોરાકમાં પણ વધારે પડતી દવાઓ તથા ખાતરોનાં ઉપયોગના કારણે પોષણની દષ્ટિએ ગુણવતાયુક્ત આહાર મળવો મુશ્કેલ બનેલ છે. આવી સ્થિતિમાં સાત્વિક ખોરાક મળી રહે અને બહારની વાનગીઓ દ્વારા થતાં રોગચાળાતથા બીમારીઓનોભોગ બનવું ન પડે છે. તે માટે તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.આ પ્રસંગે બેકારી શાળાના આચાર્ય પ્રો.એમ.બી.કપાપરાએ જણાવ્યુ કે બધા જ પોષક તત્વો,વિટામીનવગેરે મળી રહેતે હેતુથી બેકરી શાળા તેમજ જુદા જુદા ગામો, શહેર, વગેરેમાં તાલીમ આપવામાં આવે છે. જેમાં પોતાના જ ઘરે અને પોતાનાં જવાસણમાં બેકરીની વાનગીઓ બનાવી શકે જેથી આર્થિક ફાયદો તો થાય ઉપરાંત શુદ્ધ સાત્વીક વાનગી તથા પુરતા પ્રમાણમાં પ્રોટીન, વિટામીન યુક્તબનાવટો મળી શકે. આ કાર્યક્રમને સફળ બનાવવા સરોજબેન ગજેરાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢનાં નવાબ સામે સરદારની ચાણકય નીતિનો વિજય



શૈલેષ રાવત લખે છે કે, દેશ આખો આઝાદીના પવનમાં મદહોશ હતો ત્યારે ૧૫ મી ઓગસ્ટ, ૧૯૪૭ની સવારે કોણ જાણે કેમ જૂનાગઢના બાબી વંશના નવાબ અને દિવાનને શું કુબુધ્ધી સુઝી કે તેમણે પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત કરી.

સૌરાષ્ટ્રના તમામ ૨૩૦ રજવાડાઓ અને ભારતના કુલ ૫૬૧ રજવાડાઓ અંગ્રેજોને જતા જતા ઉંબાડીયું કરેલું તે ટાઢું કરતા લોકનેતાઓને માંડ કળ વળી હતી. તે દિવસમાં જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર ત્રણ મુસ્લીમ રાજયોએ પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત કરી ત્યારે દુર ઈંગ્લેન્ડમાં બેઠેલા કલીમેન્ટ એટલીને ભાગલા પાડો નીતિનું ફળ મોટું થતું દેખાતું હતું. પણ તેને કયાં ખબર હતી કે ચરોતર પંથકનો એક પટેલ સાચો સરદાર છે તેથી જ તો તેને સરદારનું બિરૂદ મળ્યું છે. લોખંડી પુરૂષના ભાગે કાશ્મીરનું સમાધાન કરવાનું આવ્યું હોત તો વિશ્વ વિખ્યાત સરદાર સુવર્ણ પુરૂષ બની શકયા હોત તેટલી અભુતપુર્વ તાકાત સરદાર વલ્લભભાઈ પટેલમાં હતી.

આરઝી હકુમતની સ્થાપનાએ સરદારની ત્વરીત તિક્ષણબુધ્ધીનું પરિણામ હતું કે માત્ર બે મહિનામાં જ બાબી વંશના છેલ્લા નવાબને તેના દિવાનને ઉભી પૂંછડીએ રાતો રાત હવાફેરના બહાના હેઠળ હવાઈ માર્ગે કરાંચી ભાગી જવું પડયું હતું. કોઈકે કહયું હતું કે પ્લેનમાં સાથે બે ચાર પાલતું કુતરા હતા જેને બિચારાને ગળે પટ્ટો બાંધીને સાંકળથી ખેંચીને લઈ ગયા હશે. ખાસ્સુ જોર પડયું હશે. બાકી માતૃભૂમિ સાથે આવું છળ કરનાર સાથે તો કુતરાય ન આવે.

જવા દો એ વાત, એ કરતા એમ કહેવું વધારે સારૂં છે કે કુતરાઓએ માલિકની વફાદારી બતાવી, માલિક માતૃભૂમિને વફાદાર બની ન શકયો..!

૧૯૪૨ના વિશ્વયુધ્ધમાં જાપાનીઓ હાર્યા અને ૧૯૪૫માં આઝાદ હિન્દ ફોજનું વિસર્જન થયું, વિશ્વયુધ્ધમાં ઈંગ્લેન્ડનો વિજય થયો, પણ ત્યાં રૂઢિવાદી પક્ષને બદલે મજુર પક્ષે બહુમતી મેળવી, કલીમેન્ટ એટલી વડાપ્રધાન બન્યા તે દિવસથી જ ભારતના ટુકડા કરી તેને આઝાદ કરવાનો ખેલ રચવાનો પાયો નખાયો હતો. આઝાદ ભારતના સેંકડો ટુકડા થાય, ભારતના રાજા રજવાડાઓ અને પ્રજા વચ્ચે અંધાધુંધ ધમસાણો થાય અને ભારત પાછું પંદરમાં સૈકાના અંધારીયા યુગમાં ખોવાઈ જાય તેવી કુભાવનાનું પ્રતિબિંબ એ પડયું કે આઝાદ ભારતને પાંચસો રજાવાડામાં વહેંચી દો, ભારત લોકનેતાઓને નહીં પરંતુ રાજા રજવાડાઓને સોંપી દો. તે ના થયું, તેથી ભારતને કોમવાદમાં ભુંજી નાખીને બીજી રમતમાં આ ગોરાઓ ફાવ્યા અને આજે સૈકાઓથી ભાઈચારાથી રહેતી ભારતીય પ્રજાને હિન્દુ-મુસ્લીમના નામે વિભાજીત કરી ગોરાઓએ તેમનું ભારતનું પાંચસો ટુકડા કરવાનું સ્વપ્ન પોસ્યું.



ભરત એ. મોણપરા,
પ્રમુખ-સરદાર યુવા મંડળ,
ભાવનગર
(મો. ૯૪૨૬૯ ૫૧૪૫૦)

વિચારો તોખરા, ભારતના નકશામાં કયાંય વચ્ચે-વચ્ચે જૂનાગઢ અને હૈદરાબાદ, કાશ્મીર જેવા કુંડાળા ઉપર આ કોમી દાવાનળ ઓકતા ભોરીંગના કુંડાળા-કુંડલી મારેલા પડયા હોત તો ભારત આઝાદ જરૂર હોત. પણ લકવાગ્રસ્ત બની રહયું હોત તે ચોકકસ વાત છે. રિયાસતી ખાતાની સ્થાપના બાદ સરદારે માત્ર ચાલીસ દિવસમાં સમગ્ર ભારતના રજવાડાઓને સાચા, પ્રજાવત્સલ બનાવી પ્રજાના અંગ બનાવીને આ આખોય કોયડો સરળતાથી ઉકેલ્યો, ત્યારે આ નાના નાના ત્રણ ગામડા નજરે ચઢયા. અચાનક જૂનાગઢ અને હૈદરાબાદની જવાબદારી સરદારને શીરે આવી. કાશ તેમની તાકાતને ઓળખીને કાશ્મીર પણ તેમને સોંપાયું હોત તો..

ખુબજ ફુંકી ફુંકીને ચાલવાનું હતું. પ્રજા સામે, અંગ્રેજો સામે, રાજા સામે, અમલદારો સામે, ખોટા નેતાઓ સામે, કેટકેટલા મોર્ચે સરદારે ઝઝૂમવાનું હતું.! એક બાજુ ગાંધીજીની અહિંસા અને બીજી બાજુ જૂનાગઢના જુજ લઘુમતીઓની હિંસા, અત્યાચાર, ગુંડાગીરી, ૮૫ ટકા જે રાજયમાં હિન્દુ પ્રજા હોય ત્યાં પાકિસ્તાની રાજ સ્વીકારવા પ્રજા કેમ તૈયાર થાય?

દિવસે ન્યાયતંત્રનું અંધારૂ અને રાત્રે અત્યાચારોનું અજવાળું પ્રજાએ ઉચાળા ભરી જૂનાગઢ છોડવાનું શરૂ કર્યુ. ભૌગોલિકસ્થિતી પ્રમાણે જૂનાગઢ એકપણ છેડેથી પાકિસ્તાન સાથે જોડાઈ શકે તેમ ન હતું અને સરદારે શતરંજ ગોઠવી.!

આરઝી હકુમત એટલે સમાંતર સરકાર, જૂનાગઢના નવાબ સામે પ્રજાએ અવાજ ઉઠાવ્યો છે તેવું વાતાવરણ કાયદાકીય રીતે આંતરરાષ્ટ્રીય ધોરણે ભારત સરકાર કયાંય સકંજામાં ન આવે તેવી ચાણકય નીતિથી પ્રજાવત્સલ ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજીને વિશ્વાસમાં રાખીને ૨૫ મી સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ ભારતના બાહોશ કાયદાશાસ્ત્રી કનૈયાલાલ મુન્શીએ ઘડેલું જૂનાગઢની પ્રજાની આઝાદીનું જાહેરનામું બહાર પાડી જૂનાગઢની આરઝી હકુમતની સ્થાપના કરી હતી. જૂનાગઢના શ્રેષ્ઠીઓને હવાલો સોંપ્યો, શામળદાસ ગાંધીને વડાપ્રધાન બનાવ્યા અને બાકીના સાત સભ્યોનું પ્રધાનમંડળ બનાવ્યું.

રતુભાઈ અદાણીને સ્વતંત્ર લશ્કરનો હવાલો સંભાળવા હાંકલ કરી. ભારતીય લશ્કર તો કાયદાકીય રીતે મદદ ન કરી શકે તો નવાબના ચાર હજારના સૈન્ય સામે મોર્ચો કેમ ચલાવવો? ફરીથી સૌરાષ્ટ્રના રજવાડાઓનું અંગત સિપાહી દળ ઉપયોગી બન્યું. પગારદાર ૨૨૨ શીખ અને ગુરખા સૈનિકો રજવાડાઓમાંથી આવેલા સ્વૈચ્છીક સૈનિકો, સ્વેચ્છાએ જોડાયેલા તામલીબધ્ધ ૨૦૦ સ્વયંમ્ સેવકો અને મુખ્ય તાકાત જેવા સૌરાષ્ટ્રના મેર, કાઠી, કારડીયા, રાજપૂતો મળીને ચારેક હજાર માણસોતો રમતા રમતા આ સરદારની રાહદારીમાં આવી ગયા.


જૂનાગઢને ચોતરફથી ઘેરો, આર્થિક બહિષ્કાર, કોલસો, ઈંધણ, ખોરાક વગેરે નાકાબંધી કરીને બંધ કર્યુ. સૌરાષ્ટ્રના અખબારોએ સમાચારોમાં ધડબડાટી બોલાવી. પ્રજાને માનસિક બળ પુરૂં પાડયું, રેડિયો ઉપરથી ગુપ્ત પ્રસારણો, મુક્તિ ફોજની વિજયયાત્રાની વાતોને હવા આપી. આ રેડિયો પ્રસારણે પાકિસ્તાનને પૈસા માંગી સહાય આપવાનું કહયું ત્યાં બાબી સલ્તનતના મોતીયા મરી ગયા, દિવાન ભુટ્ટોને ભુલ સમજાઈ અને રાતોરાત નવ-દો-ગ્યારાહ કરી કરાંચી રવાના થઈ ગયા. સશસ્ત્ર હુમલા, માનસિક હુમલા અને બહિષ્કારના ત્રિખૂણીયા હુમલાથી જૂનાગઢની હકુમત ગભરાઈ ગઈ અને સમાંતર સરકાર યાને કે આરઝી હકુમતનો વિજય ધ્વજ લહેરાયો.

ઓપરેશન આરઝી હકુમતના સાચા સરદાર એટલે સરદાર વલ્લભભાઈ પટેલ હતા અને તેમની સાથે જોડાયેલા સેનાપતિ સશસ્ત્ર ટુકડીના સેનાપતિ રતુભાઈ હતા જેમણે જૂનાગઢના નવાબ બાબી વંશના મહાબતખાન ત્રીજા અને દિવાન શાહનવાઝ ભુટ્ટોના મનસુબા પુરા ન થવા દીધા અને જૂનાગઢની પ્રજાને સાચા અર્થમાં આઝાદી અપાવી જૂનાગઢને જીન્હાગઢ થતું અટકવ્યું. સોરઠના લોકકવિ રાહુલ ભગતે તો લખી નાખ્યું કે,

**શાદુલ ગ્યા'તા શહેરમાં**
**રાખી બંધ મકાન..!**
**આવ્યા ત્યાં તો ઘર મહીં,**
**પેઠું પાકિસ્તાન..**
**તાળા તોડી ઓરડે સિંધી ઘુસ્યા ચાર.**
**ઘરવખરી વિખરી પડી**
**ફેંકી ફળિયા બાર..**

આ આરઝી હકુમત સેનાએ માત્ર સતર જ દિવસમાં જૂનાગઢના ૧૦૬ ગામ ઉપર કબ્જો મેળવ્યો અને પોતડીદાસ હકુમત કહેનાર જૂનાગઢ સલ્તનતને સણસણતો જવાબ સરદારે સાચી સરદારી કરીને આપ્યો. ઉછરંગરાય ઢેબર, બળવંત મહેતા, નાનાભાઈ ભટ્ટ, શામળદાસ ગાંધી, દુર્લભજી ખેતાણી, ભવાની શંકર ઓઝા, સુરગભાઈ વરૂ અને પુષ્પાબેન મહેતાએ ભગીરથ પ્રયાસ કરી જૂનાગઢને પાકિસ્તાનની ચુંગાલમાંથી છોડાવ્યું. આ ચળવળમાં સૌરાષ્ટ્રના તમામ રાજવીઓનો, તમામ રાજયોનો સહકાર હતો. ભાવનગર, ચુડા, બજાણા, ધ્રાંગધ્રા, ધ્રાફા, લીંબડી, લખતર, સાયલા, મૂળી, હળવદ, પાટડી, વણોદ, રાજપુર, રાયસાંકળી, વિઠ્ઠલગઢ, વઢવાણ, બાબરા, લાખાપાદર, લોધિકા, ડેડાણ, દસાડા, ઝિંઝુવાડા, ભોઈકા, ચોટીલાના સૌ રાજ પરિવારો આ લડતના પુરકબળ હતા. સૌરાષ્ટ્રના તમામ અખબારોએ પણ આ હકુમત માટે ઉદીપકનું કાર્ય કર્યુ હતું.

રાજકોટ ખાતે સદર વિસ્તારમાં આવેલા જૂનાગઢ રાજયની માલિકીના જૂનાગઢ હાઉસ ઉપર હુમલો કરી સમગ્ર આરઝી હકુમત ઓપરેશન આ ભવનમાંથી જ સંચાલિત થયું અને સરદારી, કુનેહથી ત્રિપાંખીયા મોર્ચે, આર્થિક મોર્ચે, પ્રચાર મોર્ચે અને સશસ્ત્ર મોર્ચે સહિયારો હુમલો કરી વિજય મેળવવાનો આ નુસ્ખો આજે પણ પાકિસ્તાન સામે અપનાવીને એ પ્રદેશ કબ્જે કરી ફરી પાછું અખંડ ભારત બને તે માટે કોઈક નવો સરદાર ઈતિહાસનું પુનરાવર્તન કરશે? આજના આ નવા ભારત માટે પણ આરઝી હકુમતની જરૂર છે. ઈતિહાસ હંમેશા પુનરાવર્તિત થતો રહે છે, જય સોમનાથ.. જય ગિરનાર.. જય-જય ગરવી ગુજરાત..!



આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે


# "રાષ્ટ્રીય એક્તા દિવસ"ની

કેવડિયા ખાતે ઉજવણી

અખંડ ભારતના
શિલ્પી લોહપુરુષ

## સરદાર
## વલ્લભભાઈ પટેલને

જન્મ જયંતીએ
શત્ શત્ નમન



## વિવિધ કાર્યક્રમો


દેશના તમામ રાજ્યોની પોલીસની એક્તા પરેડ

આંતરરાષ્ટ્રીય રમતોમાં મેડલ મેળવનાર
૨૩ પોલીસ અધિકારીઓ ઉજવણીમાં સામેલ થશે

દેશની ચારેય દિશામાંથી પોલીસ જવાનો અને
સશસ્ત્ર દળના જવાનો બાઈક અને સાયકલ રેલી સ્વરૂપે
કેવડિયા આવી પરેડમાં ભાગ લેશે

સ્કૂલોની ૩૬ બેન્ડ ટીમ વચ્ચે યોજાયેલ સ્પર્ધામાં
વિજેતા સ્કૂલ બેન્ડ પરેડમાં જોડાશે

સાંસ્કૃતિક કાર્યક્રમ



કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી
**શ્રી અમિત શાહની ઉપસ્થિતિમાં**
સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં
વિવિધ કાર્યક્રમો યોજાશે



**"રાષ્ટ્રીય એક્તા દિવસે"**
સરદાર સાહેબને કોટિ કોટિ વંદન...

**તારીખ: ૩૧.૧૦.૨૦૨૧, સમય: સવારે ૭.૦૦ કલાકે, સ્થળ: કેવડિયા**

